૫૫૧૦

ઇશ્વરી જ્ઞાન વિષેની

પ્રશ્નોત્તરાવળી.

હિંદીમાંથી ગુજરાતી ભાષાંતર કરનાર,

નાથાભાઇ પુંજાભાઇ.

BOMBAY METHODIST EPISCOPAL

BOARD OF PUBLICATION.

3,000 Copies.

અમદાવાદ.

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રીન્ટીંગ અને જનરલ એજન્સી કંપની "લિમિટેડ"ના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે છાપી.

૧૮૯૩.

Price 3 pies. કિંમત ત્રણ પાઈ.

૫૫૫૦

પ્રશ્નોતરાવળી.

ઇશ્વરી જ્ઞાન વિષે.

પાઠ ૧ લો.

પરમેશ્વર અને સૃષ્ટીનું વર્ણન.

૧ દેવ કોણ છે?

દેવ આત્મા છે.

૨ દેવનો સ્વભાવ કેવો છે?

પ્રીતિ.

૩ શું દેવ એક છે કે અનેક?

કેવળ એકજ દેવ છે.

૪ દેવ કયાં છે?

સર્વ ઠેકાણે છે.

૫ દેવ શું જાણેછે?

સઘળું જાણેછે.

૬ દેવે શું બનાવ્યું?

સઘળી વસ્તુઓ.

૭ દેવે જગતને કેટલા દિવસમાં બનાવ્યું ?

છ દિવસમાં.

૮ પહેલે દિવસે દેવે શું બનાવ્યું ?

અજવાળું.

૯ બીજે દિવસે શું ?

આકાશ.

૧૦ ત્રીજે દિવસે શું ?

સમુદ્ર તથા પૃથ્વી.

૧૧ ચોથે દિવસે શું ?

સુરજ, ચંદ્ર અને તારાઓ.

૧૨ પાંચમે દિવસે શું ?

પક્ષિ અને માંછલાં.

૧૩ છઠ્ઠે દિવસે શું ?

પશુ, જીવજંતુ અને સૌથી છેલ્લું માણસ.

૧૪ દેવે જે સર્વ બનાવ્યું તે વિષે તેણે શું કહ્યું ?

એવું કહ્યું કે બહુ ઉત્તમ છે.

પાઠ ૨ જો.

વિશ્રામવાર અને માણસનું વર્ણન.

૧ દેવે સાતમા દિવસે શું કામ કર્યું?
કંઈ નહિ, પણ આરામ કર્યો.

૨ સાતમો દિવસ શું કહેવાયો?
વિશ્રામનો દિવસ.

૩ વિશ્રામ કોણનો દિવસ છે?
દેવનો.

૪ વિશ્રામ કોણને માટે ઠરાવાયો?
માણસને માટે.

૫ આપણે એને કેવે પ્રકારે રાખવો જોઇએ?
પવિત્ર રાખવો.

૬ ઈશ્વરે કઈ વસ્તુથી માણસને બનાવ્યું?
માટીથી.

૭ દેવે તેના નસકોરામાં શું ફુંક્યું?
જીવનનો સ્વાસ.

૮ પહેલા પુરૂષનું નામ શું હતું?
આદમ.

૯ પહેલી બાયડીનું નામ શું હતું?
હવા.

૧૦ દેવે આદમ અને હવાને કયાં મુકયાં?
એદન વાડીમાં.

૧૧ જ્યારે દેવે આદમ અને હવાને વાડીમાં મૂકયાં ત્યારે તેઓ કેવાં હતાં?
પવિત્ર અને સારી હાલતમાં હતાં.

૧૨ દેવે તેમને વાડીમાં શું કામ સોંપ્યું?
ખેતી અને રખવાળીનું.

૧૩ શું દેવે તેમને બધાં ઝાડનું ફળ ખાવાની આજ્ઞા આપી હતી?
હા, એક વિના બીજાં બધાની.

૧૪ કોણે તેમને ભૂલાવ્યાં કે તે ઝાડનું ખાઓ?
શેતાને એટલે દુષ્ટ આત્માએ.

૧૫ શેતાને તેમને કયા રૂપમાં ભૂલાવ્યાં?
સાપના રૂપમાં.

૧૬ શું તેઓએ તેની વાત માની?
હા, માની અને ફળ ખાધું.

૧૭ ત્યારે તેઓ કેવાં થઈ ગયાં?

ભુંડાં થઈ ગયાં.

૧૮ ત્યારે દેવે તેઓને શું કહ્યું ?

કે તમે મરી જશો.

૧૯ તેઓને બીજું શું કર્યું ?

તેઓને એદન વાડીમાંથી કાઢી મૂકયાં.

—— ○ ——

પાઠ ૩ જો.

ભુંડાં માણસો અને તેમના દંડનું વર્ણન.

૧ આદમના વડા છોકરાનું નામ શું હતું ?

કાઈન.

૨ કાઈનના ભાઈનું નામ શું હતું ?

હાબેલ.

૩ કાઇને હાબેલને શું કર્યું ?

મારી નાંખ્યો.

૪ શા માટે મારી નાંખ્યો ?

એ માટે કે કાઈન ભુંડો હતો અને હાબેલ ભલો હતો.

૫ સોળસેં વરસ ઉપર માણસ કેવાં થઈ ગયાં હતાં?

ઘણાંજ ભુંડાં.

૭ એથી કરીને દેવે કઈ શિક્ષા ઠરાવી?

જળ પ્રલયથી નાશ કરવાની.

૮ એ વખતે કયો ન્યાયી માણસ રહેતો હતો?

નુહ.

૯ દેવે નુહને કઈ આજ્ઞા આપી?

એક વહાણ બનાવ.

૧૦ કોણ કોણ વહાણમાં દાખલ થયાં.

નુહ, પોતાના આખા કુટુંબ સહીત.

૧૧ એ શિવાય કોણ કોણ?

બધાં જાનવરોમાંથી દરેક જાતનાં બબે.

૧૨ ત્યાર પછી શું થયું?

પૃથ્વીપર પાણી આવ્યું.

૧૩ ભુંડાં માણસોની શી હાલત થઈ?

તેઓ બધાં ડુબીને મરી ગયાં.

૧૪ નુહ કેટલા દિવસ વહાણમાં રહ્યા?

એક વરસ.

૧૫ જ્યારે નુહ પોતાના કુટુંબ સાથે વહાણમાંથી નિકળ્યો ત્યારે શું કર્યું?

તેણે ઈશ્વરનું ભજન કર્યું.

૧૬ ત્યાર પછી કેટલાંક વરસ ઉપર દેવે સદોમ અને ગમોરાને શું કર્યું ?

તેઓનો નાશ કર્યો.

૧૭ તેઓનો શી રીતે નાશ કર્યો ?

આગ અને ગંધકથી.

૧૮ શા માટે નાશ કર્યો ?

એ માટે કે તેઓ ઘણાં પાપી થઈ ગયાં હતાં.

પાઠ ૪ થો.

ન્યાયી માણસો અને તેઓના પ્રતિફળનું વર્ણન.

૧ નુહની પહેલાં કોણ ઘણો પવિત્ર માણસ હતો? હનુખ.

૨ શું હનુખ મરી ગયો ? નહીં.

૩ દેવે તેને શું કર્યું ?

તેને જીવતો સ્વર્ગમાં લઈ લીધો.

૪ નુહ પછી કયા માણસે દેવની બધી વાતોપર

વિશ્વાસ રાખ્યો અને તેની બધી આજ્ઞાઓ માની ?

ઈબ્રાહીમે.

૫ દેવે ઈબ્રાહીમને કયા દેશમાં મોકલ્યો?

કનાન દેશમાં.

૬ એનો ભત્રીજો જે એની સાથે હતો તેનું નામ શું હતું ?

લુત.

૭ લુત કયાં રહેતો હતો ?

સદોમમાં.

૮ જ્યારે દેવે સદોમનો નાશ કર્યો ત્યારે શું તેણે લુતનો પણ નાશ કર્યો ?

નહીં; તેણે તેને બચાવ્યો.

૯ શા માટે બચાવ્યો ?

એ માટે કે તે ન્યાયી માણસ હતો.

૧૦ ઈબ્રાહીમના દીકરાનું નામ શું હતું ?

ઈસાહક.

૧૧ દેવે ઈબ્રાહીમને કઈ જાતના યજ્ઞની ભેટ

ચઢાવવાનો હુકમ આપ્યો ?
એના એકના એક દીકરા ઈસાહકનો.

૧૨ જ્યારે ઈબ્રાહીમ ચઢાવવાનો હતો ત્યારે દેવે યજ્ઞની ભેટને માટે ઈસહાકને બદલે શું આપ્યું ?
એક ઘેટું.

૧૩ ઈસહાકના બે દીકરાઓનાં નામ શું હતાં ?
ઈશાવ અને યાકુબ.

૧૪ યાકુબને કેટલા દીકરા હતા ?
બાર.

૧૫ બધાથી નાના છોકરાનું નામ શું હતું ?
બેન્યામિન.

૧૬ યાકુબના બધા કરતાં વહાલા દીકરાનું નામ શું હતું ?
યુસફ.

પાઠ ૫ મો.

યુસફની વાત.

૧ યુસફ કોણનો છોકરો હતો ?

યાકુબનો.

૨ યાકુબે યુસફને વાસ્તે શું બનાવ્યું ?
કેટલીએક જાતના રંગનો ડગલો.

૩ તેને માટે એ ડગલો શા માટે બનાવ્યો ?
એ માટે કે તે પોતાના બધા દીકરાઓ કરતાં યુસફપર વધારે પ્યાર કરતો હતો.

૪ યુસફે શુ સ્વપ્ન જોયું ?
તે મોટો અધિકારી થવાનો હતો તેવું.

૫ શું તેના ભાઇઓ તેનાપર પ્રીતિ રાખતા હતા?
નહિ; પણ તેનાપર દ્વેશ રાખતા હતા.

૬ તેઓએ તેને શું કર્યું ?
દાસપણાને માટે વેચ્યો.

૭ તેઓએ યાકુબને શો સંદેશો આપ્યો ?
કે કોઈ જંગલી જાનવર તેને ખાઈ ગયું.

૮ યુસફને કયા દેશમાં વેચવામાં આવ્યો ?
મિસરમાં.

૯ એના ધણીએ એને કેવી રીતે રાખ્યો.
ઘણી સારી રીતે.

૧૦ ત્યાર પછી તેને કેવી રીતે રાખ્યો ?

તેણે તેઓની ભુંડાઈ તેમનાપર પ્રગટ કરવાનું ચાહ્યું.

૧૯ એ કઠણાઈની પછી તેણે તેઓને શું કહ્યું?
એ કે, "હું યુસફ છું."

૨૦ તેણે તેઓને શું પૂછ્યું?
એ કે "મારો બાપ હજી જીવેછે શું?"

૨૧ ત્યાર પછી યુસફે પોતાના બાપ તથા ભાઈઓને માટે શું કર્યું?
તેઓને મિસરમાં બોલાવીને રાખ્યાં.

પાઠ છઠ્ઠો.

પહેલા પાઠોનું પુનરાવર્ત્તન.

૧ કોણે જગત ઉત્પન્ન કર્યું?
૨ દેવે કેટલા દિવસમાં જગત ઉત્પન્ન કર્યું?
૩ પહેલો પુરૂષ કોણ હતો?
૪ પહેલી સ્ત્રી કોણ હતી?
૫ દેવે પહેલો પુરૂષ અને પહેલી સ્ત્રીને ક્યાં રાખ્યાં?
૬ શું તેઓ હમેશાં ત્યાં રહ્યાં?

તે દેશમાં કોણ આવ્યા ?

૨૩ યુસફે પોતાના બધા કુટુંબને વાસ્તે શું કર્યું ?

પાઠ ૭ મો.

મુસાનું વર્ણન.

૧ મિસરમાં યાકુબના દીકરાઓની એક મોટી પ્રજા થઈ ગઈ, તેનું નામ શું હતું ?

ઈસ્રાએલી.

૨ મિસરના રાજાએ ઈસ્રાએલીઓને શું કર્યું ?

તેઓને ગુલામ કર્યા.

૩ રાજાના જુલમને લીધે કયું નાનું બાળક ટોપલામાં સંતાડવામાં આવ્યું ?

મુસા.

૪ કોણને તે ટોપલામાં નદીને કિનારે જડયો ?

રાજાની દીકરીને.

૫ તેણીએ તેને શું કર્યું ?

તેને પાળ્યો.

૬ મુસાની બહેનનું નામ શું હતું ?

મરિયમ.

૭ મુસાના ભાઈનું નામ શું હતું?
હારૂન.

૮ મુસા રાજાની સાથે કેટલા દિવસ રહ્યો?
ચાળીસ વરસ.

૯ પછી ક્યાં ગયો?
મદીન દેશમાં.

૧૦ તે મદીન દેશમાં શું કરતો હતો?
ભરવાડનું કામ.

૧૧ તે મદીનમાં ભરવાડનું કામ કરતાં કેટલો વખત રહ્યો?
ચાળીસ વરસ.

૧૨ તે વેળા તેને કોણ પ્રગટ થયું?
દેવ.

૧૩ કેવા આકારમાં?
બળતા ઝાડના રૂપમાં.

૧૪ દેવે તેને શી આજ્ઞા આપી?
મિસરમાં પાછો જા.

૧૫ દેવે તેને ત્યાં શા માટે મોકલ્યો?

એ માટે કે ઈસ્રાએલીઓને તે ગુલામગીરીમાંથી છોડાવે.

૧૬ દેવે મિસરમાં મુસાની સાથે કોણને મોકલ્યો?

તેના ભાઈ હારૂનને.

પાઠ ૮ મો.

ઈસ્રાએલી લોકોનું વર્ણન.

૧ મુસા તથા હારૂને મિસરના રાજા ફારૂન પાસેથી શું માગ્યું?

ઈસ્રાએલીઓને ગુલામગીરીમાંથી જવા દો.

૨ ફારૂને કેવો જવાબ આપ્યો?

હું ઈસ્રાએલીઓને નહીં જવા દઉં.

૩ ત્યારે દેવે મિસરીઓને શું કર્યું?

તેણે તેઓપર દશ અનર્થ મોકલ્યા.

૪ તે દશ અનર્થમાંથી દશમો અનર્થ કેવો હતો?

મિસરીઓનાં પ્રથમ જન્મેલાંનો નાશ થયો.

૫ ત્યારે ફારૂને ઈસ્રાએલીઓને શું કર્યું?

તેઓને દેશમાંથી નિકળી જવા દીધા.

૬ જ્યારે ઇસ્રાએલીઓ નદીની પાસે પહોંચ્યા ત્યારે શી રીતે પાર ગયા ?

દેવે તેઓને વાસ્તે નદીમાં સુકો માર્ગ કર્યો.

૭ જ્યારે ફારૂનનું લશ્કર ઇસ્રાએલીઓને પાછા લઈ જવા સારૂં આવ્યું ત્યારે શું થયું ?

નદીનું પાણી તેઓ ઉપર આવ્યું ને તેઓનો નાશ કર્યો ?

૮ ત્યાર પછી ઈસ્રાએલી લોકો કયા પહાડ તરફ ગયા ?

સિના પહાડ તરફ.

૯ સિના પહાડપરથી કોણ તેમને બોલ્યો ?

દેવ.

૧૦ તેણે શું કહ્યું ?

દશ આજ્ઞાઓ આપી.

૧૧ જ્યારે મુસા સિના પહાડપર દેવની સાથે હતો તેવારે ઈસ્રાએલીઓએ શું બનાવ્યું ?

સોનાનો વાછરડો.

૧૨ તેઓએ તેને શું કહ્યું ?

આપણો દેવ.

૧૩ લોકોના આ મોટા પાપને લીધે દેવે તેમને શું કરવા કહ્યું?

હું તેઓનો સંહાર કરીશ.

૧૪ તેઓનો બચાવ કેમ થયો?

મુસાએ તેઓને સારૂ આગ્રહથી પ્રાર્થના કરી ને દેવે માફી આપી.

૧૫ ત્યાર પછી દેવે ઈસ્રાએલીઓને માટે પાણી ક્યાંથી આણ્યું?

એક ખડકમાંથી.

૧૬ દેવે આકાશથી તેઓને કેવી રોટલી આપી?

ગોળ તથા હિમ સરખી નાની વસ્તુ જે માન્ના કહેવાયછે, તે.

૧૭ તેણે તેઓને શાનું માંસ આપ્યું?
લાવરીઓનું.

૧૮ દેવ કયા સુંદર દેશની તરફ તેઓને લઈ ગયો?
કનાન દેશની તરફ.

૧૯ તેઓની મુસાફરી કનાનની તરફ કેટલાં વરસ રહી?
ચાળીસ વરસ.

૨૦ કેમ એટલી વાર લાગી?

તેઓના અવિશ્વાસને તથા આજ્ઞાભંગને લીધે.

૨૧ મુસા તથા હારૂનની પછી કોણે ઈસ્રાએલીઓને કનાનમાં પહોંચાડ્યા ?
યહોશુઆએ.

પાઠ ૯ મો.

સમુએલ, શાઉલ તથા દાઉદનું વર્ણન.

૧ યહોશુઆના વખતે ઘણાં વરસ પછી ઈસ્રાએલીઓમાં કયા મોટા ભવિષ્યવાદી તથા ન્યાયાધિશે અધિકાર ચલાવ્યો ?
સમુએલે.

૨ દેવનો સેવક થવા માટે તેની માએ તેને કયે વખતે આપ્યો ?
તે નાનું બાળક હતો ત્યારે.

૩ એક રાત્રે નાના સમુએલને કોણે બોલાવ્યો ?
દેવે.

૪ તેણે શું કહ્યું ?
સમુએલ, સમુએલ.

૫ સમુએલે શો જવાબ આપ્યો ?

"બોલ, કેમકે તારો સેવક સાંભળેછે.

૬ એ કેવો અધિકારી થયો?

બહુ સારો.

૭ જ્યારે સમુએલ ઘરડો થયો ત્યારે લોકોની શી ઈચ્છા હતી?

"અમને રાજા આપ."

૮ દેવે તેઓને કયો રાજા આપ્યો?

શાઉલ.

૯ શું, શાઉલ સારો રાજા હતો?

નહિ.

૧૦ દેવે તેને ઠેકાણે કોણને રાજા ઠરાવ્યો?

દાઉદને.

૧૧ દાઉદ પહેલાં શું કામ કરતો હતો?

ઘેટાંપાળકનું કામ.

૧૨ તેણે કયા મોટા મહાવિરને મારી નાંખ્યો?

ગોલયાથને.

૧૩ તેણે તેને કઈ વસ્તુથી માર્યો?

ગોફણમાંના પત્થરથી.

૧૪ શાઉલનો કયો દીકરો દાઉદને વહાલો હતો?

યોનાથાન.

૧૫ મોટો રાજા થયા અગાઉ દાઉદ કેવો હતો ?
એક બહાદુર સેનાપતિ.

૧૬ દાઉદે શું લખ્યું ?
ઘણાં ગીતોનું એક પુસ્તક.

૧૭ તેણે દેવને વાસ્તે શું કરવા ચાહ્યું ?
એક મંદિર.

૧૮ દેવે એ મંદિર બનાવવાનું કોણને સોંપ્યું ?
દાઉદના પુત્ર સુલેમાનને.

પાઠ ૧૦ મો.

એક બુદ્ધિવાન રાજા તથા એક મોટા ભવિષ્યવાદીનું વર્ણન.

૧ દાઉદ પછી કયો રાજા થયો ?
સુલેમાન.

૨ સુલેમાનના જ્ઞાન સંબંધી શું લખ્યું છે ?
"તે સર્વ માણસ કરતાં જ્ઞાની હતો."

૩ સુલેમાને શું બનાવ્યું ?

એક મંદિર.

૪ તેણે તે ક્યાં બનાવ્યું ?

યરૂશાલેમમાં.

૫ એ મંદિર કેવું ઘર હતું ?

બહુ સુંદર અને ઘણુંજ મૂલ્યવાન.

૬ એ કોણનું ઘર હતું ?

દેવનું.

૭ સુલેમાનને એ મંદિર બંધાવવાને કેટલો વખત લાગ્યો હતો ?

સાત વરસ.

૮ સુલેમાને મંદિર શિવાય બીજું શું કર્યું ?

તેણે ઘણાં પુસ્તકો લખ્યાં.

૯ શું સુલેમાનના મરણપછી ઈસ્રાએલીઓના બધા રાજા સારા થયા ?

બધા નહીં, કેવળ થોડાજ.

૧૦ પહેલો મોટો ભવિષ્યવાદી જેને દેવે સમજાવવા માટે રાજાઓ પાસે મોકલ્યો હતો તે કોણ હતો ?

એલિઆ.

૧૧ દુકાલના દહાડાઓમાં એલિઆને કોણે ખોરાક આપ્યો ?

કાગડાએ.

૧૨ એ પછી તેને કોણે ખવરાવ્યું ?

એક ગરીબ વિધવાએ.

૧૩ તે વિધવાની પાસે પોતાને તથા પોતાના પુત્રને તથા એલિઆને ખાવાને વાસ્તે શું હતું?

થોડો લોટ તથા તેલ.

૧૪ એ થોડા લોટ તથા તેલથી કેટલા વખત સુધી એ ત્રણેનું ગુજરાન થયું ?

ત્રણ વરસ સુધી.

૧૫ જ્યારે એ વિધવાનો પુત્ર મરી ગયો ત્યારે એલિઆએ શું કર્યું ?

તેણે તેને જીવતો કીધો.

૧૬ શું એલિઆ મરી ગયો ?

નહીં.

૧૭ તે આકાશમાં કેવી રીતે ગયો ?

દેવે તેને અગ્નિરથમાં આકાશમાં લઈ લીધો.

પાઠ ૧૧ મો.

બીજા મોટા ભવિષ્યવાદિઓનું વર્ણન.

૧ દેવે એલિઆ પછી ઇસ્રાએલીઓ પાસે કયા ભવિષ્યવાદીને મોકલ્યો?

એલિશા.

૨ એલિશાએ એક વિધવા બાઇના એક પાત્રમાના થોડા તેલથી શું કર્યું?

તે તેલથી ઘણાં પાત્ર ભરી દીધાં.

૩ તેણે એક દયાળુ સ્ત્રિના મરેલા છોકરાને શું કર્યું?

તેને જીવતો કર્યો.

૪ એલિશાના વખતમાં આરામના રાજાના સેનાપતિને શો રોગ હતો?

કોડ.

૫ તે સેનાપતિનું નામ શું હતું?

નામાન.

૬ જ્યારે નામાને એલિશાથી સાજો કરવાનુ

માગ્યું ત્યારે અલિશાએ શું કહ્યું?
"જઇને યરદન નદીમાં સાતવાર સ્નાન કર."
૭ જ્યારે નામાને સ્નાન કરયું ત્યારે તેને શું થયું?
તે શુદ્ધ થઈ ગયો.
૮ કયો હુકમ ન માનનારા ભવિષ્યવાદીને મોટી માછલી ગળી ગઈ?
યુનાને.
૯ તે માછલીના પેટમાં કેટલી મુદત સુધી રહ્યો?
ત્રણ દિવસ.
૧૦ કયા સારા ભવિષ્યવાદીને સિંહોના ખીલમાં નાંખવામાં આવ્યો?
દાનિએલ.
૧૧ તે ત્યાં શા માટે નાંખવામાં આવ્યો?
તેણે દેવની પ્રાર્થના કીધી તે માટે.
૧૨ શું સિંહોએ તેને હરકત કીધી?
ના.
૧૩ સાદ્રાક, મેશાક ને અબેદનેગો ક્યાં નંખાયા?
અગ્નિની બળતી ભઠ્ઠીમાં.

૧૪ શા માટે ?
એ માટે કે તેઓએ રાજાની સોનાની મૂર્તિનું ભજન કીધું નહીં.

૧૫ શું તેઓ બળી ગયા ?
ના.

૧૬ કોણ તેઓની સાથે ભઠ્ઠિમાં હતું
દેવનો દીકરો.

૧૭ કયા ભવિષ્યવાદીએ બધા કરતાં વધારે ઈશુ ખ્રિસ્ત વિષે લખ્યું ?
યશાયાએ.

પાઠ ૧૨ મો.

પાછલા પાઠોનું પુનરાવર્ત્તન.

૧ કોણ ટોપલામાં નદીને કિનારે રખાયો ?

૨ મુસાના ભાઈનું નામ શું હતું ?

૩ મુસા અને હારૂન મિસરમાંથી કઈ પ્રજા લઈ આવ્યા ?

૪ જ્યારે તેઓ મિસરમાંથી નિકળ્યા ત્યારે તેઓ કયા પર્વત પાસે પહોંચ્યા ?

૫ સિના પહાડથી તેઓને કઇ આજ્ઞાઓ અપાઈ?
૬ કયો મોટો ભવિષ્યવાદી જ્યારે નાનો હતો ત્યારે દેવના ઘરમાં રહેતો હતો?
૭ ઈસ્રાએલનો પહેલો રાજા કોણ હતો?
૮ શાઉલના પછી કોણ રાજા થઇ ગયો?
૯ તેણે કયા મોટા શુરવિરને મારી નાંખ્યો?
૧૦ કોણે ગીતશાસ્ત્ર લખ્યું?
૧૧ કોણ સર્વ માણસ કરતાં બુદ્ધિવાન હતો?
૧૨ સુલિમાને શું બનાવ્યું?
૧૩ કયા ભવિષ્યવાદીને કાગડાએ ખવડાવ્યું?
૧૪ અગ્નિરથમાં આકાશમાં કોણ ચડી ગયો?
૧૫ કોણે એક બાળકને જીવતું કર્યું?
૧૬ કોણે એક કહોડીઆને શુદ્ધ કર્યો?
૧૭ કયા ભવિષ્યવાદીને એક મોટી માછલી ગળી ગઇ?
૧૮ કોણ સિંહોના બીલમાં નંખાયો?
૧૯ કોણ અગ્નિની ભઠ્ઠિમાં નાંખવામાં આવ્યા?

પાઠ ૧૩ મો.

ખ્રિસ્તનો જન્મ તથા તેના બાળપણાનું વર્ણન.

૧ ખ્રિસ્ત કયાં જન્મ્યો?

બેથલેહેમમાં.

૨ તેની માનું નામ શું હતું ?
મરિયમ.

૩ મરિયમે પોતાના બાળકને જન્માવ્યા પછી ક્યાં રાખ્યો ?
ગભાણમાં.

૪ ક્યા લોકો પૂર્વ દિશાથી તારનારનું ભજન કરવાને આવ્યા ?
માગીઓ.

૫ તેઓએ પૂર્વમાં શું જોયું કે જેણે તેઓને બેથલેહેમનો માર્ગ બતાવ્યો ?
એક તારો.

૬ એક દૂત રાતને વખતે બેથલેહેમની પાસે કોણને પ્રગટ થયો ?
ઘેટાંપાળકને.

૭ તેઓ શું કરતા હતા ?
પોતાનાં ટોળાં સાચવતા હતા.

૮ એ દૂતે કેવો સંદેશો આપ્યો ?
મહા આનંદની સુવાર્તાનો.
૯ તેણે બેથલેહેમમાં કોણના જન્મ વિષેની ખબર આપી ?
તારનારના જન્મ વિષેની.
૧૦ તે દૂતની સાથે કોણ એકાએક પ્રગટ થયા ?
ઘણા દૂતો.
૧૧ તેઓએ શું કહ્યું ?
"પરમ ઉચામાં દેવનો મહિમા."
૧૨ બીજું શુ કહ્યું ?
"પૃથ્વીપર શાંતિ તથા માણસોમાં પ્રસન્નતા" થાય.
૧૩ હેરોદે ખ્રિસ્ત વિષે કેવો પ્રયત્ન કીધો ?
મારી નાંખવાનો.
૧૪ દેવે તેને તેની માની સાથે કયાં મોકલી દીધો ?
મિસર દેશમાં.
૧૫ દેવે તેને રાજાના મરણ પછી કયાં મોકલી દીધો?
નાઝરેથ ગામમાં.
૧૬ જ્યારે ઈશુ બાર વરસનો થયો ત્યારે તેની માની

સાથે ક્યાં ગયો ?
યરૂશાલેમ શહેરમાં.

૧૭ તેની માએ તેને ત્રણ દિવસ લગી શોધ્યો, પછી તે તેને ક્યાં મળ્યો ?
મંદિરમાં.

૧૮ તે પંડિતોની સાથે બેઠો બેઠો શું કરતો હતો ?
તેઓની શિખામણ સાંભળતો હતો.

૧૯ બીજું શું કરતો હતો ?
તેઓને સવાલ પૂછતો હતો.

૨૦ જે સર્વ લોકોએ તેનું સાંભળ્યું તેઓને કેવું લાગ્યું?
વિસ્મય લાગ્યું.

૨૧ ઈશુની ચાલ તેની માની તરફ કેવી હતી ?
તે તેઓને આધિન થઇને ચાલ્યો.

૨૨ તે કોણનો દીકરો હતો ?
દેવનો તથા માણસનો.

પાઠ ૧૪ મો.

ખ્રિસ્તનું બાપ્તિસ્મા તથા તેના ઉપદેશ કરવા વિષેનું વર્ણન.

૧ કોણ યહુદાના રાનમાં ઉપદેશ કરતો હતો ?
યોહાન બાપ્તિસ્મા કરનાર.
૨ કયા લોક યરદનની પાસે બાપ્તિસ્મા લેવા માટે આવ્યા ?
ઘણા ઈસ્રાએલી લોક.
૩ કોણ નાઝરેથમાંથી બાપ્તિસ્મા પામવા સારૂ આવ્યો ?
ઈશુ.
૪ જ્યારે તે પાણીમાંથી નીકળ્યો ત્યારે કોણ કબુતરની પેઠે તેનાપર ઉતર્યો ?
પવિત્ર આત્મા.
૫ આકાશવાણીએ શું કહ્યું ?
"આ મારો વહાલો દીકરો છે."
૬ ત્યાર પછી કોણે ઈશુનું પરીક્ષણ કીધું ?
શેતાને.
૭ શું ઇશુએ કંઇ પાપ કરયું ?
નહીં.
૮ તે વખતે ઇશુએ કયા કામનો આરંભ કર્યો ?
ઉપદેશનો.

૯ બીજું કયું કામ ?
રોગીઓને સાજા કરવાનું.
૧૦ તેણે પોતાની સાથે રહેવાને માટે કોણને બોલાવ્યા ?
બાર શિષ્યોને.
૧૧ તેણે પોતાની શિખામણમાં નમ્ર, દયાળુ, તથા પવિત્ર મનવાળા લોકો સંબંધી શું કહ્યું ?
કે એવા સઘળા માણસને ધન્ય છે ?
૧૨ તેના ઉપદેશમાં ભલા માણસોને કેવા કહેવામાં આવેલા છે ?
જગતનું મિઠું તથા જગતનું અજવાળું.
૧૩ ઇશુની પ્રીતિ વિષેની પહેલી તથા મોટી આજ્ઞા કઇ હતી ?
"પ્રભુ જે તારો દેવ, તેપર તું તારા આખા હૃદયથી પ્રીતિ કર."
૧૪ ઇશુની બીજી પ્રીતિ વિષેની આજ્ઞા કઇ હતી ?
"જેવી પોતાપર તેવી પોતાના પાડોશીપર પ્રીતિ કર."

૧૫ વૈરીઓ વિષે તેની આજ્ઞા કેવી હતી ?

"તમે પોતાના વૈરીઓ ઉપર પ્રીતિ કરો."

૧૬ નાનાં બાળકો વિષે તેણે શું કહ્યું ?

"બાળકોને મારી પાસે આવવા દો ને તેઓને મના ન કરો; કાંજે દેવનું રાજ્ય એવાંઓનું છે."

૧૭ તેણે આપણને પ્રાર્થના સંબંધી શું શીખવ્યું ?

ગુપ્તમાં પ્રાર્થના કરો, કેમકે ગુપ્તમાં પણ દેવ જુએછે.

૧૮ તેણે પોતાના શિષ્યોને કઈ પ્રાર્થના શિખવી ?

જે પ્રભુની પ્રાર્થના કહેવાયછે તે.

૧૯ ઈશુની જે આજ્ઞા સોનેરી નિયમ કહેવાયછે તે શું છે ?

"જેમ તમે ચાહોછો કે બીજાં માણસ તમને કરે, તેમજ તમે પણ તેઓને કરો."

૨૦ જે કોઈ તેની વાતો સાંભળેછે, ને પાળેછે; તેને ઈશુએ કોણની ઉપમા આપી ?

ખડકપર ઘર બાંધનારાઓની.

૨૧ જે કોઈ તેની વાતો સાંભળેછે, ને પાળતો નથી તેને ઈશુએ કોણની ઉપમા આપી?
રેતીપર ઘર બાંધનારાઓની.

પાઠ ૧૫ મો.

ઉડાઉ દીકરાનું દ્રષ્ટાંત.

૧ ઈશુએ એક ધનવાન વિષે શું કહ્યું?
કે તેને બે દીકરા હતા.

૨ તેમાંથી નાનાએ બાપની પાસે શું માગ્યું?
તેની પુંજીનો એક ભાગ.

૩ જ્યારે તે તેને મળ્યો ત્યારે તે ક્યાં ગયો?
દુર દેશમાં.

૪ તેણે ત્યાં પોતાની પુંજીનું શું કર્યું?
રંગભોગમાં તથા દુરાચરણમાં ઉડાવી નાંખી.

૫ પછી તે દેશમાં શું થયું?
મોટો દુકાળ.

૬ તે કંગાલ થયો ત્યારે તેને શું કામ કરવુંપડયું?
ભુંડ ચારવાનું.

૭ તે ભૂખ્યો થયો ત્યારે તેના મનમાં કેવા વિ-
ચાર આવ્યા?
મારા બાપના ઘરમાં પુષ્કળ રોટલા છે.

૮ તેની ઇચ્છા કેવી થઇ?
પોતાના બાપ પાસે જવાની.

૯ તે પાછો આવતો હતો ત્યારે કોણે દુરથી
તેને દીઠો?
તેના બાપે.

૧૦ બાપનું મન તેની તરફ કેવું હતું?
બાપને ઘણી દયા આવી.

૧૧ બાપે શું કર્યું?
તેના તરફ દોડયો.

૧૨ બીજું શું કર્યું?
તેને ગળે વળગી પડીને ચુમ્યો.

૧૩ દીકરાએ શું કહ્યું?

"બાપ મેં પાપ કીધું છે."

૧૪ બીજું શું કહ્યું ?

"હવે તારો દીકરો કહેવાવા યોગ્ય નથી."

૧૫ બાપે પોતાના ચાકરને શો હુકમ કર્યો?

"ઉત્તમ વસ્ત્ર તેને પહેરાવો."

૧૬ બીજી કઈ આજ્ઞા આપી ?

સારૂં ભોજન તૈયાર કરો.

૧૭ શું તે વાત વડા દીકરાને સારી લાગી?

નહિ, તે ગુસ્સે થયો.

૧૮ બાપે તેને શો જવાબ દીધો?

હરખ કરવો જોઈએ.

૧૯ આનંદ કરવાનું કારણ તેણે શું બતાવ્યું?

"આ તારો ભાઈ ખોવાએલો હતો, તે જડયો છે."

પાઠ ૧૬ મો.

દયાળુ સમારીનું દ્રષ્ટાંત.

૧ ઈશુએ એક પુરૂષ જે યરૂશાલેમથી યરીખો જ-

તો હતો તે વિષે શું કહ્યું?
તે લુટારાઓના હાથમાં પડયો.
૨ તેઓએ તેને શું કર્યું?
તેને ઘાયલ કીધો.
૩ તેની કેવી અવસ્થા થઈ?
તે નાગો તથા અધમુઓ થયો.
૪ તે માર્ગે કોણ આવ્યો?
એક યાજક.
૫ જ્યારે યાજકે તેને દીઠો ત્યારે તેણે શું કર્યું?
બીજી બાજુએ ચાલ્યો ગયો.
૬ પછી બીજો કોણ આવ્યો?
એક લેવી.
૭ તેણે શું કર્યું?
તેપણ બીજી બાજુએ થઇને ચાલ્યો ગયો.
૮ સહુથી છેલ્લે કોણ આવ્યો?
એક દયાળુ સમારી.
૯ તેણે તે ઘાયલ મુસાફરને જોયો, ત્યારે તેના

મનમાં શું આવ્યું?
તેને તેનાપર દયા આવી.
૧૦ તેણે પોતાની દયા કેવી રીતે દેખાડી?
તેના ઘાપર પાટો બાંધ્યો.
૧૧ બીજું શું કર્યું?
ઉતારામાં લઈ ગયો ને તેની સંભાળ કરી.
૧૨ તે જવા લાગ્યો ત્યારે ઉતારાના ધણીને શું કહ્યું?
"તેની સંભાળ રાખજે, ને હું તને વાળી આપીશ."
૧૩ ઇશુએ એ દ્રષ્ટાંતથી શું શિખવ્યું?
આપણ સર્વએ માણસ જાતપર પ્રેમ કરવો.

પાઠ ૧૭ મો.

જુદા જુદા ચમત્કારોનું વર્ણન.

૧ ઇશુએ લગ્નમાં શું કર્યું?
પાણીનો દ્રાક્ષરસ બનાવ્યો.
૨ તેણે એક અમીરના માંદા દીકરાને શું કર્યું?

તેણે તેને સાજો કર્યો.

૩ કેવી રીતે સાજો કર્યો?

શબ્દે કરીને.

૪ એક કહોડીઆએ ઈશુને શું કહ્યું?

પ્રભુ. "જો તું ચાહે તો મને શુદ્ધ કરી શકે."

૫ ત્યારે ઇશુએ શું કર્યું?

તે તેને અડક્યો.

૬ અને શું કહ્યું?

"તું શુદ્ધ થા".

૭ ત્યારે શું થયું?

તરત તેનાથી કહોડ જતો રહ્યો.

૮ યરિખોમાં એક આંધળાએ ઈશુને શું કહ્યું?

"મારાપર દયા કર."

૯ ઈશુએ શો જવાબ આપ્યો?

"તું દેખતો થા."

૧૦ ત્યારે શું થયું?

તેજ પળે તે દેખતો થયો.

૧૧ બીજી વખતે એક મોટો સમુદાય ભૂખ્યો હતો ત્યારે ઈશુએ શું કર્યું?

તે બધાને પાંચ રોટલી તથા બે માછલીથી ખવરાવીને તૃપ્ત કીધા.

૧૨ પોતાની છોડીને માટે કોણે ઈશુની વિનંતી કીધી?

યાયરશ નામે એક અધિકારીએ.

૧૩ તેની છોડી કેટલાં વરસની હતી?

બાર વરસની.

૧૪ યાયરશે તેને માટે શા સારૂ વિનંતી કીધી?

એ માટે કે એ વખત તે મરવા પડી હતી.

૧૫ તે કહી રહ્યો ત્યારે તેને શી ખબર મળી?

એ કે તેની છોડી મરી ગઈ.

૧૬ ઈશુએ તેને ઘેર જઇને મરેલી છોડીને શું કર્યું?

તેનો હાથ પકડયો.

૧૭ તેણે શું કહ્યું?

"છોકરી ઉઠ."

૧૮ ત્યારે શું થયું?
તેનો આત્મા પાછો આવ્યો, ને તરત તે ઉઠી.

પાઠ ૧૮ મો.

બીજા જુદા જુદા ચમત્કારોનું વર્ણન.

૧ ઇશુના શિષ્યો એક વખતે પવનના તોફાનમાં ક્યાં હતા?
સમુદ્રની વચ્ચે વહાણમાં.

૨ ઈશુ ક્યાં ગયો હતો?
પહાડપર, પ્રાર્થના કરવા માટે.

૩ જ્યારે તેણે તેઓને સંકટમાં જોયા ત્યારે શું કર્યું?
તે પાણીપર ચાલીને તેઓની પાસે આવ્યો.

૪ જ્યારે તેઓએ તેને દીઠો ત્યારે શું થયું?
તેઓ બિહિધા.

૫ શું તેઓએ તેને ઓળખ્યો?
નહિ.

૬ તેણે તેઓને શું કહ્યું?

"હું છું, બિહો મા."

૭ જ્યારે પીતરે જાણ્યું કે તે ઇશુ છે ત્યારે તેણે શું કરવાને ચાહ્યું?

તેની પાસે પાણીપર જવાને.

૮ શું ઇશુએ પરવાનગી આપી?

હા.

૯ જ્યારે પીતર પાણીપર ચાલતો થયો ને જોયું કે પવન સખત છે ત્યારે શું થયું?

તે બિહિયો.

૧૦ જ્યારે ડુબવા લાગ્યો ત્યારે બુમ પાડીને શું કહ્યું?

"ઓ પ્રભુ, મને બચાવ."

૧૧ ત્યારે ઇશુએ શું કર્યું?

લાગલો હાથ લાંબો કરીને તેને પકડી લીધો.

૧૨ તેણે તેને શું કહ્યું?

અલ્પ વિશ્વાસી, તેં કેમ સંદેહ આણ્યો.

૧૩ જ્યારે ઇશુ તથા પીતર વહાણ પર આવ્યા

ત્યારે શું થયું?
પવન બંધ પડયો.

૧૪ ઈશુ નેન નગરમાં ગયો ત્યારે ભાગળ આગળ તેને શું મળ્યું?
એક ઠાઠડી.

૧૫ કોણ મરી ગયું હતું?
કોઈ એક વિધવાનો એકનો એક દીકરો.

૧૬ ઈશુએ મુએલાને શું કહ્યું?
જુવાન, ઉઠ.

૧૭ ત્યારે શું થયું?
તે મરેલો ઉઠીને બેઠો થયો ને બોલવા લાગ્યો.

૧૮ ત્યારે ઈશુએ શું કહ્યું?
તેને તેની માને સોંપો.

પાઠ ૧૯ મો.

ઇશુના મરણનું વર્ણન.

૧ કોણે ઈશુને પકડાવ્યો?

યહુદા ઈસ્કારીઓતે.

૨ કેટલા લોકો યહુદાની સાથે ઇશુને પકડવાને આવ્યા?

એક મોટો સમુદાય.

૩ કયે વખતે?

રાત્રે.

૪ તેઓ પહેલાં તેને કોની પાસે લઇ ગયા?

મુખ્ય યાજકોની પાસે.

૫ પછી કોની પાસે લઈ ગયા?

પીલાતની પાસે.

૬ પીલાત કોણ હતો?

હાકેમ.

૭ પીલાતે ઈશુને શું કર્યું?

કોરડા મરાવ્યા.

૮ પછી પીલાતે ઈશુને કોની પાસે મોકલ્યો?

હેરોદની પાસે.

૯ હેરોદે તથા તેની ફોજના માણસોએ ઈશુને શું કર્યું?

તેની મશ્કરી કરી.

૧૦ એ પછી હેરોદે તેને શું કર્યું?

તેને પીલાતની પાસે પાછો મોકલ્યો.

૧૧ સિપાઇઓએ ઇશુને શું કર્યું?

માથાપર માર્યું.

૧૨ બીજું શું કર્યું?

તેનાપર થુંક્યા.

૧૩ પીલાતે ઇશુ વિષે શું કહ્યું?

"તેમાં મને કંઈ અપરાધ જડતો નથી."

૧૪ યહુદીઓએ પીલાતને બુમ પાડતાં શું કહ્યું?

"તેને વધસ્તંભે જડાવ, વધસ્તંભે જડાવ."

૧૫ ત્યારે પીલાતે શું કર્યું?

તેને વધસ્તંભે જડાવવા દીધો.

૧૬ તેની સાથે કોણ વધસ્તંભે જડાવવામાં આવ્યા?

બે ચોર.

૧૭ ઇશુએ વધસ્તંભપર કોને માટે પ્રાર્થના કીધી?

પોતાના ઘાતકીઓને માટે.

૧૮ જ્યારે તે વધસ્તંભપર હતો ત્યારે શું થયું?

બીજા પહોરથી ત્રીજા પહોર લગી આખી પૃથ્વીપર અંધકાર થઇ રહ્યો.

૧૯ જે સિપાઇઓએ તેને વધસ્તંભપર જડયો હતો, તેઓએ એ વાતો જોઈ ત્યારે તેઓનો હાલ કેવો થયો?

તેઓ બહુજ ગભરાયા.

૨૦ ઈશુએ પ્રાણ મૂકયા પહેલાં શું કહ્યું?

"સંપૂર્ણ થયું."

પાઠ ૨૦ મો.

ઈશુના પુનરૂત્થાનનું વર્ણન.

૧ ઈશુને મુઆ પછી કયાં રાખ્યો?

ખડકમાં ખોદાએલી એક નવી કબરમાં.

૨ કબરના મહોપર શું મુકી રાખવામાં આવ્યું?

એક મોટો પત્થર.

૩ ઈશુ કબરમાં કેટલા દિવસ રહ્યો?

ત્રણ દિવસ.

૪ ત્રીજે દિવસે આવીને કોણે પત્થરને ખસેડ્યો?
એક દૂતે.
૫ ઈશુની શી દશા થઈ?
મરણમાંથી ઉઠ્યો.
૬ જયારે દૂતો આવ્યા ત્યારે કબરની કોણ સંભાળ રાખતા હતા?
સિપાઇઓ.
૭ તેઓએ દૂતને જોયા ત્યારે તેઓને શું થયું?
ભયભીત થઈ ગયા.
૮ એ પછી કોણ કોણ કબર પાસે આવ્યું?
કોઈ ભલી સ્ત્રીઓ.
૯ તેઓને કઈ વસ્તુ જોવાની ઈચ્છા હતી?
ઈશુનું શબ.
૧૦ તેઓ શબને વાસ્તે શું લાવી હતી?
સુગંધીદાર વસ્તુઓ.
૧૧ દૂતોએ સ્ત્રીઓને શું કહ્યું?
"બિહો મા."

૧૨ તેણે ઈશુ વિષે શું કહ્યું?
"તે ઉઠયો છે."
૧૩ પછી તેઓને કોણ પ્રગટ થયું?
ઈશુ પોતે, તેઓને પ્રગટ થયો.
૧૪ એ પછી તે કોણને પ્રગટ થયો?
પોતાના શિષ્યોને.
૧૫ એક વખતે તે કેટલા લોકને દેખાયો?
પાંચસોને.
૧૬ તે ઉઠયા પછી પોતાના શિષ્યોની સાથે કેટલી મુદત સુધી રહ્યો?
ચાળીસ દિવસ.
૧૭ ઈશુએ એ ચાળીશ દિવસમાં શું કર્યું?
તેઓને ઘણીજ વાતો શિખવી.
૧૮ પછી તે કયાં ગયો ?
આકાશમાં ચઢી ગયો.
૧૯ શું તેઓએ તેને આકાશમાં ચઢી જતાં જોયો?
હા.

પાઠ ૨૧ મો.

ગયા પાઠોનું પુનરાવર્ત્તન.

૧ ખ્રીસ્ત ક્યાં જન્મ્યો ?
૨ તે નાનું બાળક હતો ત્યારે ક્યાં રહ્યો?
૩ એના જન્મ વખતે આકાશમાં કોણે આ ગાયુ કે, "પરમ ઉંચામાં દેવનો મહિમા થાઓ."
૪ કોણે ઈશુને મારી નાંખવાનો પ્રયત્ન કીધો ?
૫ હેરોદના મરણ પછી ઇશુ ક્યાં રહેતો હતો?
૬ તે બાર વર્ષનો થયો ત્યારે ક્યાં ગયો?
૭ એના સવાલ જવાબથી મંદિરના પંડિતોને શી અસર થઈ ?
૮ ઈશુની ચાલચલણ તેની માની તરફ કેવી હતી?
૯ ઇશુનું બાપ્તિસ્મા ક્યાં થયું ?
૧૦ જ્યારે ઈશુએ ઉપદેશ કરવાનો આરંભ કર્યો ત્યારે તેણે કોણને પોતાની પાસે બોલાવ્યા ?
૧૧ ઈશુએ કોણનાપર પ્રીતિ કરવાની આજ્ઞા આપી?
૧૨ ઉડાઉ દીકરાના દ્રષ્ટાંતમાં દીકરો ક્યાં ગયો ?

૧૩ દુકાળ પડયો ત્યારે તેને શું કામ કરવું પડયું?
૧૪ તે પસ્તાવો કરીને પોતાને ઘેર પાછો આવ્યો ત્યારે તેના બાપે તેને કેવી રીતે અંગીકાર્યો?
૧૫ કોણે અધમુઆ મુસાફરપર દયા કરી?
૧૬ ઈશુએ રોગીઓને શું કર્યું?
૧૭ ઈશુએ કોણને જમાડયા?
૧૮ ઇશુએ યાયરશની દીકરીને શું કર્યું?
૧૯ જ્યારે એના શિષ્યો તોફાનમાં હતા ત્યારે તેણે શું કરયું?
૨૦ પીતર પાણીપર કેમ ચાલી શકયો નહીં?

પાઠ ૨૨ મો.

મુક્તિના માર્ગનું વર્ણન.

૧ બધાં માણસ કેવી હાલતમાં જન્મેછે?
પાપમાં.

૨ માટે બધાં માણસ કેવાં થાયછે?
પાપી.

૩ પાપીઓને બચાવવાને કોણ મરી ગયો?
ઈશુ ખ્રીસ્ત.

૪ આપણને તારણ મળે માટે શું કરવું જોઇએ?
પોતાનાં પાપોને લીધે પસ્તાવો કરવો જોઇએ.

૫ બીજું શું કરવું જોઇએ?
પાપ કરવાનું મુકી દેવું જોઇએ.

૬ આપણે પાપ કરવાનું કેવી રીતે મુકી દઇ શકીએ?
ખ્રીસ્તની મદદથી.

૭ આપણે બીજું શું કરવું જોઇએ?
વિશ્વાસ રાખવો કે તે આપણી મદદ કરે.

૮ ઈશુ આપણો પસ્તાવો અને વિશ્વાસ કરવામાં મદદ આપવાને કોણને મોકલશે?
પવિત્ર આત્માને.

૯ જ્યારે આપણે પસ્તાવો કરીએછીએ અને વિશ્વાસ રાખીએ છીએ તો દેવ આપણે માટે શું કરશે?
તે આપણાં પાપોની ક્ષમા કરશે.

૧૦ ત્યારે તે આપણને કેવું મન આપશે?
નવું મન.

૧૧ જેઓને નવું મન હોયછે તેઓ દેવપર શું કરશે?
તેઓ તેનાપર પ્રીતિ કરશે.

૧૨ તેઓ માણસને શું કરશે?
તેઓ તેમનાપર પણ પ્રીતિ કરશે.

૧૩ તેઓ પોતાના દેવપરનો પ્રેમ શી રીતે દેખાડશે?
તેની આજ્ઞાઓ પાળવાથી.

૧૪ તેઓ પોતાનો માણસપરનો પ્રેમ શી રીતે દેખાડશે ?

તેઓને માટે સારાં કામ કરવાનો પ્રયત્ન કર્યાથી

૧૫ દેવ કોણનાપર પ્રીતિ કરેછે?
જેઓ સારાં કામ કરવાની મહેનત કરેછે તેઓપર.

૧૬ દેવ કોણનાપર કોપાયમાન થાયછે ?
જેઓ ભલાને માટે મહેનત કરતા નથી તેઓપર.

પાઠ ૨૩ મો.

પાછલી વાતોનું વર્ણન.

૧ હવે તારનાર ક્યાં છે?
સ્વર્ગમાં.

૨ તે ત્યાં શું કરેછે?
પાપીઓને સારૂ મધ્યસ્થી સદા કરેછે.

૩ તે પૃથ્વીપર ફરીથી ક્યારે આવશે?
પુનરૂત્થાનને દિવસે.

૪ કોણ કોણ એની સાથે આવશે?
પવિત્ર દૂતો.

૫ તે કેવી રીતે આવશે?
પ્રાક્રમ તથા મહિમા સહિત.

૬ તે પહેલાં શું કરશે?
મુએલાંઓને જીવતાં કરશે.

૭ એ વખતે આ જગતની શી દશા થશે?
તે આગથી બાળી નંખાશે.

૮ ખ્રીસ્ત ક્યાં બેસશે?

પોતાના રાજ્યાસનપર.

૯ કયા કયા લોક એની સામે એકઠા થશે?

સર્વ માણસો.

૧૦ ત્યારે તે શું કરશે?

તે તેઓનો ન્યાય કરશે.

૧૧ તે તેઓના સંબંધમાં શું જાણશે?

દરેક વાત.

૧૨ સારા લોક ક્યાં જશે?

સ્વર્ગમાં.

૧૩ કોણ તેઓની સાથે ત્યાં રહેશે?

ખ્રીસ્ત અને પવિત્ર દૂતો.

૧૪ તે ત્યાં કંઈ પાપ અથવા શોક કરશે?

કદિ નહિ.

૧૫ નઠારા લોક ક્યાં જશે?

નરકમાં.

૧૬ કોણ તેઓની સાથે રહેશે.

ભુંડા આત્માઓ.

૧૭ તે લોકો કદિ પવિત્ર કે ખુશી થઈ શકેછે?
કદિ નહિ.

પાઠ ૨૪ મો.

બધા પાઠોનું પુનરાવર્ત્તન.

૧ કોણે બધી વસ્તુઓ ઉત્પન્ન કરી?

૨ દેવે માણસને શાથી બનાવ્યું?

૩ પહેલો પુરૂષ તથા પહેલી સ્ત્રી કોણ હતાં?

૪ કોણે હાબેલને મારી નાંખ્યો?

૫ કોણ કોણ મરણ વગર સ્વર્ગમાં ગયા?

૬ કોણ વહાણમાં જળ પ્રલયથી બચી ગયાં?

૭ કોણ પોતાના ભાઇઓના હાથથી ગુલામગીરીમાં વેચાયો.

૮ યુસફ મિસરમાં કેવો થઈ ગયો ?

૯ તેણે ત્યાં શું કર્યું?

૧૦ કોણ ઈસ્રાએલીઓને મિસરમાંથી લઇ ગયો?

૧૧ ઇસ્રાએલીઓ કયા દેશમાં પહોંચ્યા?

૧૨ દાઉદ કોણ હતો?

૧૩ કોણે મંદિર બંધાવ્યું?

૧૪ કાગડાએ કયા ભવિષ્યવાદીને ખવરાવ્યું?
૧૫ કયા ભવિષ્યવાદીએ કોઢીઆને સારો કર્યો?
૧૬ દાનીએલને કઈ જગ્યામાં નાંખવામાં આવ્યો ?
૧૭ ખ્રીસ્ત કયાં જન્મ્યો?
૧૮ કોણે એને બાપ્તિસ્માં આપ્યું?
૧૯ ખ્રીસ્તે રોગીઓને શું કર્યું?
૨૦ તેણે કેટલાંએક મરેલાંને શું કર્યું?
૨૧ કોણે ખ્રીસ્તને પકડવા દીધો?
૨૨ કયા લોકોએ કહ્યું, "તેને વધસ્તંભ પર જડાવો."
૨૩ ખ્રીસ્ત કેટલા દિવસ સુધી કબરમાં રહ્યો?
૨૪ કયા લોકોએ ખ્રીસ્તને જીવતો ઉઠયા પછી જોઓ?
૨૫ ખ્રીસ્ત ઉઠયા પછી કેટલા દિવસ પૃથ્વીપર રહ્યો?
૨૬ ત્યાર પછી તે કયાં ગયો?
૨૭ તે પૃથ્વીપર ફરી કયારે આવશે?
૨૮ જ્યારે તે આવશે ત્યારે પહેલાં શું કરશે?
૨૯ કયા લોકોનો ન્યાય એની સામા કરવામાં આવશે?

સમાપ્ત.

વધારો.

સભાસદો લેવા વિશે.

પરીક્ષા પછી માણુસોને મંડળીમાં લેવા વિષે.

ઠરાવેલા દિવસે જેટલા માણુસો મંડળીમાં લેવાના તેઓને આગળ બોલાવીને, ઉપદેશક મળેલી મંડળીને કહે.

ઓ ઘણા વહાલા ભાઇઓ, પવિત્ર શાસ્ત્રથી આપણુને ઉપદેશ મળેછે, કે મંડળી પરમેશ્વરનું કુટુંબ છે, ને જે શરીરનું શિર ખ્રિસ્ત છે તે, અને સુવાર્ત્તાનો અભિપ્રાય એ છે કે જે સર્વ ખ્રિસ્તમાં તેઓને એકઠા કરે. જે સત્સંગ મંડળીના સભાસદો એક બીજા સાથે ઉપભોગ કરેછે, તે મંડળીની સંગત છે. ને આ સંગતનો ઉદ્દેશ એ છે કે નિર્દોષ મત, તથા ખ્રિસ્તી ભજનના વિધિઓ પાળવા, અને પવિત્રાઈનો વધારો કરવા સારૂ જે ધર્મીષ્ટ બોધ તથા શિક્ષાનો અધિકાર ખ્રિસ્તે પોતાની મંડળીને સોંપ્યાં, તે કામમાં લાવવા. આ

સંગતમાં એકઠું થવું તે હરેક માણસોની ફરજ છે, કેમકે "જેઓ પ્રભુના ઘરમાં રોપેલા છે," ફક્ત "તેઓ આપણા દેવના આંગણામાં ફુલશે". આ સંગતની અતિ વિશેષ ફરજો એ છે કે, શાંતિ ને એકતાનો વધારો, એક બીજાના ભારો ઉંચકવા, એક બીજાને ઠોકરથી અટકાવવા, પોતાના મધ્યે મિત્રના જેવી સોબતની અતિશય મિત્રાચારીને માટે પ્રયત્ન કરવું, અને એક બીજાની સાથે પ્રાર્થના કરવી ને દયા રાખવી. આ સંગતની કેટલીએક છુટ ને હિત એ છે કે તેના સભાસદો પરમેશ્વરનું વચન સાંભળવાથી તથા ખ્રિસ્તની વિધિઓનો ભાગ લેવાથી પવિત્ર થવાને વિશેષ ઉત્તેજન પામેછે, અને પાળકની ચોકસ સંભાળમાં રાખવામાં આવેછે; અને જે આશીર્વાદોનું વચન ફક્ત વિશ્વાસુ કુટુંબને અપાએલું છે; અને જે તે પણ તેઓ ભોગવેછે. આ પવિત્ર સંગતમાં આ માણસો જે તમારી આગળ ઉભા છે, જેઓ બાપ્તિસ્માના સંસ્કાર પહેલાંથી પા-

મ્યા છે, ને છ મહીના સુધી યોગ્ય પ્રમુખ સં-
ભાળની પરિક્ષણમાં રહેલા છે.

તમને ખાતરી થાય કે આ માણસોને મંડળી-
માં લેવાને યોગ્ય છે કે નહિ એ માટે હું પરમે-
શ્વરની બિહીક રાખીને તેઓના વિશ્વાસ તથા
હેતુ વિષે સવાલ કરૂં.

ત્યારે જે ઉમેદવાર મંડળીમાં દાખલ થવા મા-
ગેછે તેઓને ઉપદેશક કહે.

એ ઘણા વહાલાઓ, જે મંડળી આપણા
તારનારે પોતાના લોહીથી વેચાતી લીધી છે, તે
મંડળીના સભાસદપણાનું મહા હિત પામવા
માટે તમે અહિંઆં આવ્યા છો. અમે આનંદ
કરીએ છીએ કે પરમેશ્વરે પોતાની કૃપાથી તમ-
ને તેની પાછળ ચાલનારા થવાને સારૂ બોલા-
વ્યા છે અને તમે અત્યાર સુધી સારી રીતે ચા-
લ્યા છો. ખ્રિસ્તની મંડળીના સભાસદપણાનું
હિત કેવું ઉત્તમ ને તેની ફરજો કેવી ગંભીર છે,
તે વિષે તમારા સાંભળવામાં આવ્યું છે; એ કા-

રણુ માટે તમે તેમાં પૂર્ણ દાખલ થવા પહેલાં, તમને યોગ્ય છે કે આ મંડળીની સામા આ સવાલોના જવાબ આપવાથી તમે તમારાં વચનો ફરી આપો અને તમારો વિશ્વાસ કબુલ કરો ને તમારા મનનો અભિપ્રાય જણાઓ.

સવાલ,—શું. તમે પરમેશ્વરની હજુરમાં અને આ મળેલી મંડળીની સામા બાપ્તિસ્માનું ગંભીર વચન હમણાં ફરીથી આપોછો, ને તે મંજુર તથા બહાલ કરોછો, અને વળી કબુલ કરોછો કે તે કરાર સત્યતાથી પાળવા તથા માનવાની ફરજ તમારી છે?

જવાબ.—હા, હું એમ કરૂંછું.

સ.—જે વિશ્વાસથી તારણ થાયછે શું, તમે પ્રભુ ઈશુ ખ્રિસ્તપર એવો વિશ્વાસ રાખોછો?

જ.—હા; હું એવો ભરોંસો રાખુંછું.

સ.—શું તમે પવિત્ર શાસ્ત્રના મતો જે મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીના ધર્મની કબુલાતોમાં લખાએલા છે તેઓને તમે માનોછો?

જ.—હા, હું માનુંછું.

સ.—શું, તમે ખુશીથી મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીના નિયમો પાળશો ને દેવના ઠરાવેલા કૃપાદાનો પામવાનાં સાધનો પણ આદરથી કરશો ને તમારી શકિત પ્રમાણે તમારા ભાઈઓનું કલ્યાણ તથા ખ્રિસ્તનું રાજ્ય વધારવા માટે કોશીશ કરશો ?

જ.—હા, હું એમ કરીશ.

સ.—શું, તમે સુવાર્તાના ફેલાવને અર્થે અને મંડળીનાં જુદા જુદા પરોપકારી કામને માટે તમારી સંસારીક મિલકતમાંથી તમારી શકિત પ્રમાણે આપશો ?

જ.—હા, હું એમ કરીશ.

ત્યારે ઉપદેશક મંડળીને કહે.

ભાઇઓ, આ માણસોએ સવાલના જવાબ સંતોષકારક રીતે આપ્યા છે, શું તમારામાંનો કોઈ કારણ દેખાડે કે જેથી અમે તેઓને મંડળીના પુર્ણ સભાસદપણામાં દાખલ થવા ન દઇએ ?

જો કોઈ કંઈ વાંધો ન કાઢે તો ઉપદેશક ઉમેદવારોને કહે.

અમે તમને પરમેશ્વરની મંડળીમાં ખુશીથી અંગીકાર કરીએ છીએ. અને અમારી ખ્રિસ્તી પ્રીતિ તથા ખરૂં મન જેથી અમે તમારો અંગીકાર કરીએ છીએ, તેની સાક્ષીને લીધે હું તમને સંગતનો જમણો હાથ આપું છું, અને પરમેશ્વર એમ કરે કે આ દુનિયામાં જે મંડળી છે, તેમાં તમે ઈમાનદાર તથા ફળદાર સભાસદ થઈ રહો, જ્યાં લગી તમે જીત પામેલી મંડળી જે પરમેશ્વરના રાજ્યાસન આગળ નિર્દોષ છે તેની સંગતમાં બોલાવવામાં આવશો.

ત્યાર પછી ઉપદેશક પોતાની મરજી પ્રમાણે પ્રાર્થના કરે.
